ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0





'તાઉ તૈ' વાવાઝોડાએ સમગ્ર રાજયને ધમરોળી નાંખ્યું છે અને તેની સાથે વરસેલા તોફાની વરસાદથી પાટનગર પણ જળબંબાકાર થઈ જવા પામ્યું છે. ગાંધીનગરના સેકટર-૧૧ ખાતેના રામકથા મેદાનમાં જે રીતે વરસાદી પાણીનું તળાવ ભરાયું છે તે જોતા એવું લાગી રહ્યું છે કે જાણે આ કોઈ કમોસમી વરસાદનું નહી પરંતુ જામી પડેલા ચોમાસાના પાણી ભરાયાં હોય...!!

# શહેરમાં સર્વેલન્સ માટે ૧૧ ટીમોની રચના કરાશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરમાં તાઉ-તે વાવાઝોડાથી થયેલા નુકશાનના સર્વે માટે મનપા દ્વારા ૧૧ ટીમો કામે લગાડવામાં આવશે.

શહેરમાં સર્વેની કામગીરી માટે આજે જિલ્લા કલેક્ટરશ્રીના માર્ગદર્શન હેઠળ ૧૧ ટીમોનું ગઠન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે જેમાં મહેસુલ, ઈજનેરી, મનપા તેમજ તલાટીની ટીમ બનાવવામાં આવશે.

મનપાને મળેલ નુકશાનીની પ્રાથમિક વિગતો પ્રમાણે ૪ જેટલા કાચા મકાનો પડી જવા પામ્યા છે તો એક મકાનને નુકશાન થયુ છે. જો કે સર્વે પછી જ ખરેખર કેટલુ નુકશાન થયુ છે તેની વિગતો બહાર આવશે.

એક પશુનુ મૃત્યુ પણ થયુ હોવાનું મનપાના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. મનપા દ્વારા આજે આ અંગે સર્વેની ટીમોની રચના અને તે અંગેના આદેશ મોડી સાંજે જારી કરવામાં આવ્યા છે. આજે સર્વેલન્સની બનાવેલી ટીમોની ગાંધીનગર પ્રાંત અને નાયબ મ્યુનિ. કમિશનરશ્રીએ સંયુક્ત બેઠક પણ લીધી હતી અને તેમાં કઈ-કઈ બાબતો ધ્યાને લેવી તેની પ્રાથમિક સમજો આપી હતી.

શહેરમાં ગઈકાલે થયેલા ભારે વરસાદને પગલે ૧૩૦ થી વધુ વૃક્ષો ધરાશયી થયા હોવાનો મનપાને અંદાજ છે. જો કે આ અંગે વન વિભાગ તેનો અલગથી અહેવાલ તૈયાર કરશે તેમ જાણવા મળેલ છે.

શહેરમાં સ્ટ્રોમ વૉટર લાઈનોને અને ગટરના કામોને થયેલ નુકશાન અંગે જે તે એજન્સીએ જ કામગીરી ટેન્ડરોની શરતોને આધીન રહી કરવાની રહેશે.

# તાઉ-તે ઈફેક્ટ : ગાંધીનગરમાં ગાબડા ગંદકી અને ગારાનુ સામ્રાજય

**ફુટપાથ જમીનમાં ગરકાવ : માર્ગો પર મોટામસ ગાબડા, સેકટરોમાં જમીનદોસ્ત થયેલા વૃક્ષો હજુ યથાવત : સેકટરોમાં વરસાદી પાણીના ભરાવા વચ્ચે કાદવ કીચ્ચડ**

ગાંધીનગર તા ૧૯

શહેરમાં ગઈકાલે વાવાઝોડાએ વિનાશ નોતર્યા બાદ આજે વરસાદના વિરામના અંતે ઠેર ઠેર વરવા દ્રશ્યો જોવા મળ્યા હતા. સેકટરોમાં જમીનદોસ્ત થયેલા વૃક્ષો હજુ પણ કેટલાક ઠેકાણે યથાવત છે. સેકટરોમાં રીંગ રોડ તેમજ આંતરિક



માર્ગો પર ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. પરંતુ નવા સેકટરોમાં હજુ ગાબડા પુરવા માટે તંત્રની ટીમ કામે લાગી નથી. જેના લીધે વાહનચાલકો ગમે ત્યારે અકસ્માતનો ભોગ બને તેવી સ્થિતિ છે. જયારે મુખ્યમાર્ગો આસપાસની ફુટપાથ ઉપર પણ મોટામસ ગાબડા પડયા છે. ખ માર્ગ તેમજ સે-૩ માં ફુટપાથ આખી ફુટપાથ જમીનમાં ગરકાવ થઈ ગઈ છે. મોતના કુવા સમાન બનેલા વોક વે ગમે ત્યારે જાનલેવા અકસ્માતનુ કારણ બને તેવી દહેશત છે. ફુટપાથ નીચે અગાઉ વરસાદી પાણીના નિકાલ માટે ખોદકામ કરાયુ હતુ જયારે આ કામગીરીના અંતે યોગ્ય માટી પુરાણ ન થતા માત્ર ૪ ઈંચ વરસાદમાં જ તંત્રના ભ્રષ્ટ વહીવટનો પરચો મળી ગયો હતો. શહેરના સેકટરોમાં માર્ગો આસપાસ તેમજ કોમન પ્લોટમાં હજુ પણ વરસાદી પાણીનો ભરાવો થયેલો જોવા મળે છે. નવ નિર્મિત અન્ડર પાસમાંથી વરસાદી પાણી ઉલેચ્યા બાદ આજે પણ કાદવ કિચ્ચડ જોવા મળ્યો હતો. કાદવ કિચ્ચડ અને ગંદકીથી ખદબદતા સેકટરોમાં ગમે ત્યારે રોગચાળો ભરડો લે તેવી દહેશત છે. સેકટરોના ફરતે નિર્માણ કરાયેલી કમ્પાઉન્ડ વોલના લીધે સેકટરોમાં વધુ પાણીનો ભરાવો થયો હતો સે-૩ ના રહેણાંક વિસ્તારમાં આ સ્થિતિ વચ્ચે ઘરો સુધી પાણી પહોંચી ગયુ હતુ. જેના લીધે સ્થાનિકો વધુ પરેશાન થયા હતા. સુસવાટા મારતા પવન સાથે ત્રાટકેલા વાવાઝોડાના લીધે સેકટરોમાં ઠેર ઠેર ગંદકીના ઢગ જોવા મળી રહ્યા છે. વરસાદ રહી ગયા બાદ આજે સવારે ઉઘાડ નિકળ્યો હતો. હળવા વાદળિયા વાતાવરણ વચ્ચે દિવસ દરમિયાન વરસાદ ગેરહાજર રહેતા નગરજનોએ રાહત અનુભવી હતી. પરંતુ વાવાઝોડા અને વરસાદના અંતે સેકટરોમાં સર્જાયેલી સ્થિતિ વાવાઝોડા કરતા પણ વધુ બિહામણી છે. સેકટરોમાં નમી પડેલા બોર્ડસ હોર્ડિગ્સ તેમજ ભયજનક વૃક્ષોની સંખ્યા પણ વિશેષ છે. ત્યારે વનતંત્રએ પણ હજુ આ મામલે યોગ્ય સર્વે કરવાની અનિવાર્યતા છે. વાવાઝોડા અને વરસાદના લીધે શહેર અસ્તવ્યસ્ત બની ગયુ છે. સેકટરવાસીઓ ડગલે ને પગલે દુવિધાઓ ભોગવી રહ્યા છે. વાવાઝોડના અંતે સર્જાયેલી સ્થિતિને અનુલક્ષી શહેરમાં ગાબડા દુર કરવા તેમજ સેકટરોમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરવાની અનિવાર્યતા છે.

# "તાઉ-તે"ને પગલે જિલ્લામાં કૃષિ-ઉર્જા અને પશુપાલન ક્ષેત્રે નુકશાન

**સર્વેની કામગીરી હાથ ધરવા માટેનો આખરી નિર્ણય એકાદ-બે દિવસમાં જિલ્લાતંત્ર દ્વારા લેવાશે**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લામાં તાઉ-તે વાવાઝોડાએ વેરેલા વિનાશ અંગે સર્વે સહિતની કામગીરી હાથ ધરવા અંગેની કવાયત આજે તંત્ર દ્વારા શરૂ કરવામાં આવી છે. સર્વે અંગે રાજ્ય સરકારની ચોક્કસ માર્ગદર્શિકા એકાદ દિવસમાં જાહેર થઈને આવશે તે પછી તાબડતોબ આ અંગેની ટીમોનું ગઠન કરી અને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તાઉ-તે વાવાઝોડાએ જિલ્લામાં વેરેલા વિનાશ અંગેની પ્રાથમિક વિગતો આજે તંત્ર દ્વારા એકત્ર કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. મળતી વિગતો પ્રમાણે ૨ હજાર હેક્ટરમાં કૃષિક્ષેત્રને ઉનાળુ વાવેતર તેમજ બાગાયતી પાકોમાં નુકશાન થયાનો પ્રાથમિક અંદાજ છે. આ પછી ઉર્જા ક્ષેત્રમાં વધારે નુકશાન થયાનું મનાય છે. ૨૫૦ થી વધુ વીજ થાંભલાઓ પડી ગયા હતા અને ૨૦ થી વધુ ટ્રાન્સફોર્મર અને અન્ય સાધનોને નુકશાન થયુ છે. પશુપાલન ક્ષેત્રે પણ ૧૬ થી વધુ પશુઓના મૃત્યુ થયાનું બહાર આવ્યુ છે. એક મકાનની દિવાલ પણ ધસી પડી હતી. ભારે વરસાદને કારણે જિલ્લામાં હજ્જારો વૃક્ષો પણ ધરાશયી થયા છે તેમજ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના માર્ગોને પણ નુકશાન થયુ છે. જો કે જિલ્લાના કોઈ ગામ સંપર્ક વિહોણા બન્યા નહિ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. જિલ્લામાં ભારે વરસાદથી થયેલા નુકશાન અંગે અલગ-અલગ ટીમો કેટલી બનાવવી તેમજ ક્યાં સુધીમાં આ અંગેની કામગીરી સંપન્ન કરવી તે અંગેનો આખરી નિર્ણય એકાદ-બે દિવસમાં લેવાઈ જશે તેમ પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.

# વાવાઝોડાને પગલે હોસ્પિટલમાં કાચ ફુટ્યા અને વોર્ડમાં પાણી પણ ભરાયા

ગાંધીનગર,તા.૧૯

ગાંધીનગર શહેરમાં પણ વાવાઝોડાએ ભારે નુકશાન પહોંચાડ્યું છે. સતત વરસી રહેલા વરસાદ અને ભારે પવનને પગલે વૃક્ષો,વીજપોલ, પતરા, નળીયા, હોડીંગ્સ , બેનરો સહિત ઉડીને દુર પડ્યા હતા. ત્યારે વાવાઝોડાની અસર ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પણ જોવા મળી હતી. સિવિલમાં કેટલાક સ્થળો પર પવનથી બારીઓના કાચ તુટીને પડ્યા હતા. તો બીજીતરફ વરસાદને પગલે વિવિધ વોર્ડમાં પાણી ટપકતી છત જોવા મળી હતી. છતમાંથી પાણી ટપકતા કર્મચારીઓને વારંવાર સફાઈ કરવી પડી હતી. સિવિલના કેટલાક વિભાગમાં વરસાદી પાણી ફરી વળતા નુકશાન પણ થયુ હોવાનું જાણવા મળ્યું છે. સિવિલ કેમ્પસમાં શોંપીગ પાસે વૃક્ષ ધરાશાયીને માર્ગ વચ્ચે પડતા વાહન ચાલકો પણ અટવાઈ ગયા હતા.જો કે તાત્કાલીક અસરથી વૃક્ષ દુર કરવામાં આવતા વાહન ચાલકો આવન જાવન કરી શકયા હતા.

# લોકડાઉનમાં રાહત આપવી અથવા હટાવી લેવું તે ભૂલ ગણાશે

**આંશિક લોકડાઉન ૩૧મે સુધી લંબાવવા ઇન્ડિયન મેડિકલ એસો.નો મુખ્યમંત્રીને પત્ર**

અમદાવાદ,તા.૧૯

ગુજરાતમાં કોરોનાનો કહેર હવે ધીમે ધીમે કાબુમાં આવી રહ્યો છે. રાજ્યના ૩૬ શહેરોમાં રાત્રિ કર્ફ્યૂ લાદવામાં આવ્યો છે. તેની સાથે કેટલાક નિયંત્રણો પણ લાગુ કરવામાં આવ્યાં છે. ત્યારે ઈન્ડિયન મેડિકલ અસોસિસએશન ગુજરાત ચેપ્ટરએ મુખ્યમંત્રી વિજય રૂપાણીને પત્ર લખી જણાવ્યું હતું કે, કોવિડ-૧૯ની સ્થિતિ ઘણી મહેનત અને તણાવ બાદ નિયંત્રણમાં આવી છે. જેથી વિનંતી કરીએ છીએ કે, ફરીથી કોરોનાને પ્રસરતો અટકાવવા માટે ૩૬ શહેરોમાં નાઈટ કર્ફ્યૂ અને નિયંત્રણો સહિત આંશિક લોકડાઉન આગામી ૩૧મી મે સુધી લંબાવવું જોઈએ.

આઈએમએના ગુજરાતના પદાધિકારીઓ ડો. કમલેશ સૈનાની અને ડો. મહેન્દ્ર પટેલે પત્રમાં રજૂઆત કરી છે કે, છેલ્લા કેટલાક અઠવાડિયાથી ગુજરાતમાં કોવિડ-૧૯ની બીજી લહેર બાદ કેટલાક દિવસથી કોરોનાના કેસોમાં ઘટાડો થઈ રહ્યો છે.

રાજ્ય સરકારે સમયસર આંશિક લોકડાઉન લાદી દેતા આ શક્ય બન્યું હતું. જેમાં તમામ બિન-જરૂરી સેવા બંધ રાખવામાં આવી છે અને ઘર બહાર નીકળતા લોકોની સંખ્યામાં પણ ઘટાડો થયો છે. જેના પરિણામરુપે કોરોનાના કેસ ઘટ્યા છે.

આઈએમએના પદાધિકારીઓએ ચેતવણી આપી કે, ભૂતકાળના અનુભવ મુજબ, આગામી થોડાક દિવસોમાં આંશિક લોકડાઉનમાં રાહત આપવી અથવા હટાવી લેવું તે ભૂલ ગણાશે.

# જિલ્લામાં રિકવરી રેટમાં નોંધપાત્ર સુધારો થયો : ગ્રામ્ય-શહેરી વિસ્તારમાં ૫૬-૫૬ કેસ નોંધાયા

**ગાંધીનગરમાં ૧૫, દહેગામમાં ૧૮, કલોલમાં ૫, માણસામાં ૧૮ કેસ નોંધાયા : શહેરમાં રાયસણ ગામે ૭ કેસ, સે. ૨૭ માંથી ૬, સે. ૧૪, ૨૨ અને કુડાસણમાં ૪-૪ કેસ, સે. ૨, પેથાપુર, સરગાસણમાં ૩-૩ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લામાં રિકવરી રેટ ૮૦ ટકાથી ઉપર પહોંચતાં જ કોરોનાના કેસોમાં ઘટાડો નોંધાયો છે. જિલ્લામાં આજે નવા ૧૧૨ કેસ નોંધાયા છે. ગ્રામ્ય અને ગાંધીનગર શહેરમાં ૫૬-૫૬ કેસ નોંધાયા છે.

જિલ્લામાં આજે સારવાર દરમ્યાન ૩ દર્દીના મોત થયાનું સરકારે જણાવ્યુ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૨ અને શહેરમાં ૧ દર્દીનું સારવાર દરમ્યાન મોત થયુ છે. જો કે મહાનગરપાલિકાના સૂત્રોએ જણાવ્યુ છે કે મુક્તિધામ સે. ૩૦ ખાતે આજે ૧૯ મૃતકોની અંતિમવિધિ કોવિડ-૧૯ની ગાઈડલાઈન પ્રમાણે કરવામાં આવી છે.

કોરોનાના કેસો ગ્રામ્ય વિસ્તારમાં ઘટવા પામતા તંત્રએ હાશકારા સાથે રાહતનો શ્વાસ લીધો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં દહેગામ-માણસામાં ૧૮-૧૮, કલોલમાં ૫ અને ગાંધીનગરમાં ૧૫ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૯ મહિલા દર્દી, ૭ દર્દી ૨૦ થી ઓછી વય ધરાવતા, ૪ કર્મયોગી, ૧૩ ખેડૂત, ૮ વિદ્યાર્થી તેમજ નાના વેપારીઓ અને ખાનગી નોકરીયાતોનો સમાવેશ થાય છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૪ દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતા તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

દહેગામમાં આજે નોંધાયેલા ૧૮ કેસમાં સાંપા ગામેથી ૩ કેસ તેમજ દહેગામ અર્બન, હિલોલ, કડજોદરા, ઉદણ ગામેથી ૨-૨ કેસ ઉપરાંત લાલુજીની મુવાડી, કડાદરા, પીપલજ, અમરાજીના મુવાડા, રખિયાલ, નાંદોલ, વાસણા ચૌધરી ગામેથી પણ કેસ મળી આવેલ છે.

ગાંધીનગર તાલુકામાંથી આજે વધુ ૧૫ કેસ નોંધાયા છે. તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં સંક્રમણ ઘટ્યુ છે અને પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનું તંત્રના સૂત્રોએ કહ્યું છે.

તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં લેકાવાડામાં ૨ તેમજ જલુંદ અને ઉનાવા ગામેથી ૩-૩ કેસ ઉપરાંત મોટી આદરજ, ટીંટોડા, મોટા ચિલોડા, આલમપુર, પીંપલજ, અડાલજ, મગોડીમાંથી પણ કેસ મળી આવેલ છે.

કલોલ તાલુકામાંથી આજે પાંચ કેસ મળી આવ્યા છે. તાલુકાના ખાત્રજ ગામેથી ૩ કેસ તેમજ પલિયડ અને કલોલ અર્બનમાંથી ૧-૧ કેસ મળેલ છે.

માણસા તાલુકામાં સંક્રમણ સ્થિર થયુ હોવાનું તંત્રના સૂત્રો માની રહ્યા છે. તાલુકામાં આજે વધુ ૧૮ કેસ નોંધાયા છે.

તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં સોજા અને વરસોડામાંથી ૩-૩, લોદરા, પુંધરા, રિદ્રોલ ગામેથી ૨-૨ કેસ તેમજ સમૌ, અનોડિયા, અંબોડ, માણસા અર્બન, ધોળાકુવા, ગ્રામભારતી ખાતેથી પણ કેસ મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ સુધર્યો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે ૧૩૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૮૬૦૭ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૭૭૮ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૬૬૪૬ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે વધુ ૫૬ કેસ નોંધાયા છે. શહેરમાં સંક્રમણ ઘટ્યુ છે પણ કોરોના માટે હોટસ્પોટ બનેલા વિસ્તારોમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે.

શહેરમાં સેક્ટરોમાંથી ૨૯ તેમજ શહેરમાં સમાવાયેલા ગ્રામ્ય અને અન્ય વિસ્તારોમાંથી ૨૭ કેસ મળી આવ્યા છે. તંત્રએ સર્વેલન્સ શઘન કરવા ઉપરાંત પરિસ્થિતિ પર સતર્કતા સાથે નજર રાખવા સૂચના આપી છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૨૦ થી ઓછી આયુ ધરાવતા ૪, ૨૪ મહિલા દર્દી તેમજ ૧૨ દર્દી ૬૦ થી વધુ વય ધરાવતા મળી આવ્યા છે.

શહેરના સેક્ટરોમાં સે. ૨૭ માંથી ૬, સે. ૧૪ અને ૨૨ માંથી ૪-૪, સે. ૨ માંથી ૩, સે. ૨, ૧૨, ૧૫ માંથી ૨-૨ તેમજે સે. ૭, ૮, ૧૬, ૨૬, ૨૮, ૨૯ માંથી કેસ મળી આવેલ છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય અને અન્ય વિસ્તારોમાં રાયસણમાંથી ૭, કુડાસણમાંથી ૪, પેથાપુર, સરગાસણમાંથી ૩-૩, કોબા, રાંધેજા, રાંદેસણ, સુઘડમાંથી ૨-૨ કેસ તેમજ વાવોલ અને કોલવડામાંથી પણ કેસ મળી આવેલ છે.

## જિલ્લામાં ૪ દિવસના વિરામ બાદ કોરોના વેક્સિનેશન આજથી પુનઃ શરૂ થશે

ગાંધીનગર શહેર અને જિલ્લામાં ૪ દિવસ બાદ આજથી પુનઃ કોરોના અંગે વેક્સિનેશનનો કાર્યક્રમ હાથ ધરવામાં આવશે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૨૫ સ્થાનો પર અને શહેરમાં પાંચ સ્થાનો પર આ વેક્સિનેશન અભિયાન હાથ ધરવામાં આવશે.

તૌકતે વાવાઝોડાને લઈ સ્થગિત કરાયેલ આ અભિયાન ૪ દિવસ બાદ શરૂ થઈ રહ્યુ છે. તંત્રએ જણાવ્યુ છે કે કોવિશિલ્ડનો બીજો ડોઝ ૮૪ દિવસે મળશે. કોવિકશનના ડોઝમાં પ્રથમ અને બીજા ડોઝ વચ્ચે ૪ થી ૬ સપ્તાહનો સમયગાળો રાખવાનો રહેશે.

મનપા આરોગ્યતંત્રની યાદીમાં જણાવ્યા પ્રમાણે ગાંધીનગર શહેરમાં સે. ૮ ડિસ્પેન્સરી, પેથાપુર, સે. ૨૯ અર્બન હેલ્થ સેન્ટર અને સુઘડ અર્બન હેલ્થ સેન્ટર ખાતે કોવિશિલ્ડ રસી અપાશે જ્યારે સે. ૨ ના અર્બન હેલ્થ સેન્ટર પર કોવિક્સીન રસી આપવામાં આવશે.

જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં ૧ લાખ ૯૧ હજારને રસીકરણ અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે જ્યારે શહેરમાં ૧ લાખ ૧૧ હજાર જેટલા લોકોને રસીકરણ અભિયાનમાં અત્યાર સુધીમાં આવરી લેવામાં આવ્યા છે.

'વિના સહકાર નહિ ઉદ્ધાર'

**ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.**

મધુર ડેરી, 'ક' રોડ, સેક્ટર-૨૫, ગાંધીનગર

**ખાસ સાધારણ સભાની નોટીસ**

ક્રમાંક : ગાં.દૂ.સંઘ/ઈ.એમ.ડી./ખાસ સા.સભા/૨૦૨૧/૫૭૫

તારીખ : ૧૯/૫/૨૦૨૧

**પ્રતિ,**
**પ્રમુખશ્રી,**
**તમામ દૂધ ઉત્પા.સહ.મં.લી.**
**મુ.પો. ...........**
**તા.જી. ગાંધીનગર**

આથી સંઘની તમામ સભાસદ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને જણાવવામાં આવે છે કે, સંઘની ખાસ સાધારણ સભા સંઘના ચેરમેનશ્રીના અધ્યક્ષસ્થાને તા. ૨૬/૫/૨૦૨૧ બુધવારના રોજ સવારના ૧૧-૦૦ કલાકે વર્ચ્યુલી રાખવામાં આવેલ છે. તો દરેક સભાસદને આ વર્ચ્યુલ સભામાં હાજર રહેવા વિનંતી છે.

**કાર્યસૂચિ**

(૧) ગ. તા. ૨૭/૧૨/૨૦૨૦ના રોજ મળેલ વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહીને બહાલ રાખવા બાબત.
(૨) સને ૨૦૧૮-૨૦૧૯ના ઓડીટ મેમાને વંચાણે લઈ મંજૂર કરવા બાબત.
(૩) ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના પેટા નિયમમાં સુધારા કરવા બાબત.
(૪) સંસ્થામાં ઓક્સિજન પ્લાન્ટની સ્થપના કરવા અંગે ચર્ચા કરવા બાબત.
(૫) સભાધ્યક્ષશ્રીના સ્થાનેથી અથવા તેમની મંજુરીથી બીજા જે કામો રજૂ થાય તે.

**નિયામક મંડળના આદેશથી**
**(અવનિકા જે. રાવ)**
**ઈન્ચાર્જ મેનેજીંગ ડીરેક્ટર**

નોંધ :-
(૧) આ સભામાં મંડળીના પ્રતિનિધિ તરીકે ફક્ત મંડળીના ચેરમેનશ્રી જ હાજર રહી શકશે. અને હાજરી આપવા અંગેના ઠરાવ તા. ૨૪/૫૨૦૨૧ સુધીમાં મળી જાય તે રીતે સંઘની ઓફીસે મોકલી આપવાનો રહેશે.
(૨) કોરમના અભાવે મુલત્વી રહેલા સભા તે જ દિવસે અડધા કલાક બાદ હાજર રહેલ સભ્યોનું કોરમ ગણી સભાની કાર્યસૂચિના કામોનો નિકાલ કરશે. જે કાયદેસર ગણાશે. જે સભ્યશ્રીઓને માન્ય રહેશે.



દુઃખ-સુખ, અંધકાર-પ્રકાશ, નિશા-પ્રભાત... આજ તો કુદરતનો ક્રમ છે. અહીં કંઈ જ શાશ્વત નથી. ગઈ કાલની સાંજ પ્રચંડ વાવાઝોડાના ઓથાર હેઠળ ભયાવહ ભાસતી હતી. સન્નાટાના સૂસવાટા હતા, તો આજની સાંજ ખુશનુમા, સલૂણી અને સિંદુરી... !!! આ અનિશ્ચિતતામાં આનંદ મેળવતા આવડી જાય ને તો આ જીવન જીવવા જેવું જ છે... આગે ભી જાને ના તુ... પીછે ભી જાને ના તુ... જો ભી હૈ... બસ યહી એક પલ હૈ... હર પળને પર્વ બનાવીએ.. આજની સાંજ ઊજવી લઈએ...

# શહેરમાં ૧૭૬ વૃક્ષો ધરાશાયી વનતંત્રએ ૫ ટીમો કામે લગાડી

**અનેક ઠેકાણે જમીનદોસ્ત થયેલા વૃક્ષો દુર કરવા દિવસ દરમિયાન વનતંત્રની ટીમે સર્વે કર્યો : રહીશોના આંગણામાં પણ અનેક ઠેકાણે વૃક્ષો ધરાશાયી થયા હોવાની ફરિયાદો**

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગરમાં વાવાઝોડાના લીધે સેકટરોમાં અનેક ઠેકાણે તોતિંગ વૃક્ષો ધરાશાયી થયા હતા. સેકટરોમાં હાલ પણ કેટલાક ઠેકાણે નમી પડેલા વૃક્ષો જોવા મળી રહ્યા



છે. વનતંત્રની ટીમે આજે સેકટરોમાં સર્વે હાથ ધર્યો હતો. જે મુજબ સે-૧ થી ૩૦ માં ૧૭૬ વૃક્ષો જમીનદોસ્ત થયા છે. જયારે આ વૃક્ષોને દુર હટાવવા માટે વનતંત્રની ૫ ટીમો કામે લાગી છે.

ગાંધીનગરમાં તાઉ- તે વાવાઝોડાએ વેરેલા વિનાશ બાદ આજે સવારથી વાતાવરણ ચોખ્ખુ રહેતા નગરજનોએ રાહત અનુભવી હતી. ગઈકાલે ભારે વરસાદ અને સુસવાટા મારતા તોફાની પવનના લીધે અનેક ઠેકાણે વૃક્ષો ધરાશાયી થઈ ગયા હતા જયારે ગઈકાલથી જ વનતંત્રની ટીમ વૃક્ષો દુર કરવા કામે લાગી હતી. શહેરમાં તોફાની પવનના લીધે ૧૭૬ વૃક્ષો ધરાશાયી થયા છે. જયારે આ વૃક્ષોને દુર કરવા માટે વનતંત્રની ૫ ટીમો કામે લાગી છે. આજે પણ દિવસ દરમિયાન વનતંત્રની ટીમે જમીનદોસ્ત થયેલા વૃક્ષોને દુર કરવા ઝુંબેશ હાથ ધરી હતી જો કે હજુ પણ સેકટરોમાં ઘણા ઠેકાણે વૃક્ષો આડશ બનેલા જોવા મળી રહ્યા છે. ગઈકાલે વાવાઝોડા દરમિયાન સેકટરોમાં અનેક ઠેકાણે બોર્ડસ હોર્ડિગ્સ પણ તુટીને ઉડતા નજરે પડ્યા હતા જયારે સાઈન બોર્ડસ તેમજ ટ્રાફિક સિગ્નલ પણ હવામાં લટકતા જોવા મળ્યા હતા. આ દરમિયાન હરિયાળા શહેરમાં ઠેર ઠેર ધરાશાયી થયેલા વૃક્ષો પણ માર્ગ વચાળે આડશ બન્યા હતા સદનસીબે વૃક્ષો પડવાથી કોઈ જાન હાનિ થઈ હોવાની ઘટના બની નથી. વનતંત્રના જણાંવ્યા મુજબ વાવાઝોડા દરમિયાન નગરના ૧ થી ૩૦ સેકટરોમાં સેંકડો વૃક્ષો જમીનદોસ્ત થયા છે. જયારે આજે હાથ ધરાયેલા સર્વેના અંતે વનતંત્રએ જણાંવ્યુ હતુ કે સેકટરોમાં ૧૭૬ જેટલા વૃક્ષો ધરાશાયી થયા છે. જયારે આજે દિવસ દરમિયાન વનતંત્રની ટીમ આ વૃક્ષો દુર કરવા માટે કામે લાગી હતી. વનતંત્રના જણાંવ્યા મુજબ સેકટરોમાં ૧૭૬ વૃક્ષો જમીનદોસ્ત થયા છે. જયારે આ માટે ૫ ટીમો કામે લાગી છે. શહેરમાં સચિવાલય પાછળના ભાગમાં પણ ત્રણ થી ચાર વૃક્ષો ધરાશાયી થયા છે. જયારે હાલમાં સે-૭ : ૮ની ચોકડી પાસે પણ બે વૃક્ષો જમીનદોસ્ત થયેલી હાલતમાં છે. આ ઉપરાંત જ-૫ થી ઘ-૫ વચ્ચે પણ વૃક્ષો પડેલા જોવા મળે છે.સે -૬ અને સે-૭ ડી માં પણ વૃક્ષો તુટીને ધરાશાયી થયા છે. કેટલાક ઠેકાણે મુળિયામાંથી વૃક્ષો ઉખડી ગયા હોવાનુ પણ જોવા મળી રહ્યુ છે.

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com